# ટ્રુ ક્રેડિટ્ઝ પ્રાઈવેટ લિમિટેડ

## લોનની અરજી – નિયમો અને શરતો

**દસ્તાવેજ ક્રમાંક: TC-LATC**

# દસ્તાવેજની વિગતો

| ચોક્કસ બાબતો | વિગતો |
|---|---|
| **મથાળું** | **લોન અરજી - નિયમો અને શરતો** |
| **આવૃતિ** | 4.0 |
| **વર્ગીકરણ** | જાહેર |
| **વર્ણન** | **લોન અરજી - નિયમો અને શરતો** |
| **લાગુ થતી તારીખ** | **એપ્રિલ 01, 2023** |

આ લોનની અરજી - નિયમો અને શરતો ("નિયમો અને શરતો") ને ભારતીય કાયદાની પૂર્તિ કરવા પ્રકાશિત કરવામાં આવ્યાં છે અને ભારતીય કાયદા મુજબ સંચાલિત કરવામાં આવશે, જેમાં સમાવેશ હશે પરંતુ મર્યાદિત નથી (i) ભારતીય કોન્ટ્રાકટ એકટ 1872; (ii) ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, 2000, નિયમો, નિયમનો, માર્ગદર્શિકા અને સ્પષ્ટતાઓને તેમાં ઘડવામાં આવી ઈન્ફોર્મેશન ટેકનોલોજી સહિત (યોગ્ય સલામતી ટેવો અને પ્રક્રિયાઓ અને સંવેદનશીલ વ્યક્તિગત માહિતી) નિયમો, 2011, અને નિયમ 3 ની જોગવાઈ (1) ઇન્ફોર્મેશન ટેકનોલોજી (આંતર મધ્યસ્થી માર્ગદર્શિકાઓ) નિયમો, 2011; અને (iii) રીઝર્વ બેન્ક ઓફ એકટ, 1934 અને લાગુ પડતો નિયમો, નિયમનો અને માર્ગદર્શિકા જે હેઠળ બનાવાઈ છે.

આ નિયમો અને શરતો તે ઈલેકટ્રોનિક કરાર કે જે ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, 2000 હેઠળ અને નિયમો તેની હેઠળ બનાવાયા છે અને વિવિધ કાયદાઓમાં ઈલેકટ્રોનિક દસ્તાવેજો/ રેકોર્ડઝ સંબંધિત સુધારવામાં આવેલી જોગવાઈઓ કે જેને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, 2000 દ્વારા સુધારવામાં આવ્યો છે તેનો ઈલેકટ્રોનિક રેકોર્ડ છે. અ નિયમો અને શરતોના દસ્તાવેજને કોઇ પણ ભૌતિક, ઈલેકટ્રોનિક અથવા ડિજિટલ હસ્તાક્ષરની જરૂર નથી.

આ નિયમો અને શરતો તે કાયદેસર રીતે બંધનકર્તા દસ્તાવેજ છે તમારી અને ટ્રુ ક્રેડિટઝ પ્રાઈવેટ લીમીટેડની વચ્ચે અને/અથવા તેમના ધિરાણ કરનારા ભાગીદારો (આ પદને નીચે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે) સાથે. તમારી સ્વીકૃતિ મળ્યેથી આ દસ્તાવેજ અમલમાં આવશે (ઈલેકટ્રોનિક સ્વરૂપમાં અથવા ઈલેકટ્રોનિક રેકોર્ડ દ્વારા અથવા અન્ય સાંધનો દ્વારા).

1. આ નિયમો અને શરતોના હેતુ માટે જયાં પણ સંદર્ભની જરૂર છે
    a. જે ટ્રુ ક્રેડિટ્સ અને/અથવા તેના ધિરાણ ભાગીદારો પાસેથી લોન મેળવવા ઇચ્છે છે તેમાં "તમે/તમારા", "ગ્રાહક" અથવા "વપરાશકર્તા" નો અર્થ કોઈપણ કુદરતી અથવા કાનૂની વ્યક્તિ એવો થાય છે.

    b. "True Balance" અથવા "પ્લેટફોર્મ" નો અર્થ બેલેન્સ હિરો ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સંચાલિત ડિજિટલ લેન્ડિંગ એપ્લિકેશન (DLA) એવો થશે.

    c. "ટ્રુ ક્રેડિટ્સ" નો અર્થ ટ્રુ ક્રેડિટ્સ પ્રાઈવેટ લિમિટેડ એવો થાય છે, જે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (RBI) સાથે સંપૂર્ણ રીતે નોંધાયેલ NBFC છે.

    d. "ધિરાણ કારનારનો" નો અર્થ ટ્રુ ક્રેડિટ્સ અથવા તેના ધિરાણ ભાગીદારો, જે પ્રમાણે કિસ્સો હોય તે મુજબ.

    e. "ધિરાણ ભાગીદાર" નો અર્થ ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિયમન કરાયેલ બેંકો, નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ એવો થાય છે, જેમની સાથે આ પ્લેટફોર્મ દ્વારા લોન અથવા સંબંધિત નાણાકીય સેવાઓની સુવિધા ટ્રુ ક્રેડિટ્સ સાથે પૂરી પાડવાની વ્યવસ્થા છે;

    f. "લોન" નો અર્થ થાય છે ગ્રાહક સાથે સંમત થયેલ નિયમો અને શરતો મુજબ ગ્રાહકને ટ્રુ ક્રેડિટ્સ અને/અથવા તેના ધિરાણ ભાગીદારો દ્વારા આપવામાં આવતી વિવિધ ધિરાણ ઉત્પાદનો/સેવાઓ છે.

    g. "લોન ડોક્યુમેન્ટ્સ" નો અર્થ થાય છે મુખ્ય હકીકત નિવેદન, મંજૂરી પત્ર, લોન કરાર/ લોન ફાળવણી પત્ર (સામાન્ય નિયમો અને શરતો સહિત) અને અન્ય કોઈપણ દસ્તાવેજ કે જે લોનના સંબંધમાં અમલમાં લાવી શકાય છે તેનો સમાવેશ થાય છે.

2. આથી તમે સમજો છો અને સંમત થાઓ છો અને સ્વીકારો છો કે True Balance એ ડિજિટલ લેન્ડિંગ એપ્લિકેશન છે અને લોન, જો મંજૂર થાય, તો ધિરાણ કરનાર દ્વારા પૂરું પાડવામાં આવશે. વધુમાં, આથી તમે ધિરાણ કરનારને લાગુ પ્રોસેસિંગ ફી અને અન્ય ફી, શુલ્ક, કર વગેરેને લોનમાંથી કાપવા કરવા માટે અધિકૃત કરો છો, જે પ્રમાણે લોન દસ્તાવેજોમાં ખાસ ઉલ્લેખ કર્યો છે તે અનુસાર.

3. આ નિયમો અને શરતો અને લોન દસ્તાવેજો અને પ્રાયવસી પોલિસી અથવા અન્ય કાંઈ વગેરેમાં સામેલ અન્ય તમામ લાગુ નિયમો અને શરતો, જે પ્રમાણે કિસ્સો હોય તે અનુસાર, ધિરાણ કરનાર પાસેથી મેળવેલ લોન માટે ગ્રાહક/ઉધાર લેનાર તરીકે તમારા અધિકારો અને જવાબદારીઓનું વહન કરશે.

4. True Balance પર આપવામાં આવતી લોન માટે તમારી ઉપલબ્ધિ અને ઉપયોગ એ આ નિયમો અને શરતોને તમે સ્વીકારો અને સતત પાલન કરો તે મુજબ શરતી છે.

5. તમે સમજો છો અને સ્વીકારો છો કે લોન ફક્ત ભારતીય નાગરિક જ અને જેઓ ભારતીય કરાર અધિનિયમ, 1872 હેઠળ કાયદેસર રીતે બંધનકર્તા કરાર કરવા સક્ષમ છે માત્ર તેઓ જ મેળવી શકે છે. કોઈપણ વ્યક્તિ જે ભારતીય કરાર અધિનિયમ, 1872 ની ભારતીય જોગવાઈઓ અનુસાર કરાર કરી શકે તેમ નથી જેમાં સગીર, બિન-ડિસ્ચાર્જ નાદાર વગેરેનો સમાવેશ થાય છે, તેઓ લોન મેળવવા માટે પાત્ર નથી.

6. તમે સંમત થાઓ છો કે તમારી માહિતી જેવી કે નામ, સરનામું, સંપર્ક નંબર, બેંક ખાતાની માહિતી, નાણાકીય/વ્યવહારની વિગતો વગેરે ("વપરાશકર્તા માહિતી") તમે અમને નોંધણી વખતે અને લોન મેળવતી વખતે અને અન્ય તમામ સમયે પૂરી પાડો છો તે સાચી, સચોટ, વર્તમાન અને સંપૂર્ણ હશે. વપરાશકર્તાની માહિતી નિભાવવા અને તાજી કરવા અને વપરાશકર્તાની માહિતીને સાચી, સચોટ અને સંપૂર્ણ રાખવા માટે તમે સંમત થાઓ છો.

7. આથી તમે સંમત થાઓ છો અને સ્વીકારો છો કે લોન અરજી આકારણી અને અન્ય જોડાયેલ હેતુઓ માટે લોન અરજી કરતી વખતે True Balanceને આપવામાં આવેલી તમારી વ્યક્તિગત માહિતી ધિરાણ કરનારાઓને આપવામાં આવશે.

8. આથી તમે અધિકૃત કરો છો કે જો તમે વૉલેટ દ્વારા ચુકવણી કરવાનું પસંદ કરો છો તો લાગુ પડતા લોનના હપ્તાઓ તમારા True Balance વૉલેટ એકાઉન્ટમાંથી તેમજ ટુ ક્રેડિટ્સ દ્વારા પૂરી પાડવામાં આવેલી ચુકવણી સમય પત્રક મુજબ ઉધારવામાં આવી શકે છે.

9. આથી તમે ટુ ક્રેડિટ્સ, અથવા True Balance દ્વારા સમયે સમયે ફોન કોલ્સ, SMS, વ્હોટ્સએપ, ઈલેક્ટ્રોનિક મેઈલ અથવા અન્ય કોઈપણ સંચાર માધ્યમ દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ લોન ઑફર્સ અથવા પ્રમોશનલ સ્કીમ્સ મેળવવા માટે સંમતિ આપો છો. વધુમાં તમે સંમતિ આપો છો કે ટુ ક્રેડિટ્સ અથવા True Balance અને/અથવા તેના અધિકૃત પ્રતિનિધિ/સેવા પૂરી પાડનારાઓ તમારી સાથે ફોન કોલ્સ, SMS, વોટ્સએપ, ઈલેક્ટ્રોનિક મેઈલ દ્વારા અથવા સ્ટેટસ મોકલવા અથવા તેની ચર્ચા કરવાના હેતુથી ઉપલબ્ધ કોઈપણ માધ્યમ દ્વારા વાતચીત કરી શકે છે અને તમારી લોન/લોન મુસાફરી, એકાઉન્ટ પ્રવૃત્તિ, લોન/લોન મુસાફરીના સંબંધમાં અથવા લોન/લોન મુસાફરી સંબંધિત કોઈપણ બાબતને યાદ કરાવવા અથવા ફિડબેક આપવા માટે કરવામાં આવતા આવા ફોન કોલ્સ, SMS, વગેરેને, ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ની ડુ નોટ ડિસ્ટર્બ" નીતિ હેઠળ આવરી લેવામાં આવશે નહીં. આથી તમે આ હેતુ માટે, ટુ ક્રેડિટ્સ અથવા True Balance અને/અથવા તેના અધિકૃત પ્રતિનિધિ/સેવા પૂરી પાડનારાઓને સોમવારથી રવિવાર સુધી 0900 કલાકથી 2100 કલાકની વચ્ચે ગમે ત્યારે તમારો સંપર્ક કરવાની પરવાનગી આપો છો.

10. લોન મેળવવા માટે, KYC ધોરણોને પૂરા કરવા અને ધિરાણ કરનારને જરૂરી માહિતી સુપ્રત કરવી ફરજિયાત છે. જો તમે True Balance સાથે તમારું KYC આપ્યું છે, તો આથી તમે સંમત થાઓ છો અને સ્વીકારો છો કે લોન અને સંબંધિત સેવાઓનો લાભ લેવા માટે તમારુ KYC ધિરાણ કરનારને આપવામાં આવી શકે છે.

11. આથી તમે ધિરાણ કરનારને તમારા ક્રેડિટ બ્યુરોના રેકોર્ડનો ઉપયોગ કરવા માટે તમારી સ્પષ્ટ સંમતિ આપો છો અને ધિરાણ કરનારને કરવામાં આવેલી લોન અરજીના સંબંધમાં તમારી ક્રેડિટ યોગ્યતાનું મૂલ્યાંકન કરવાના હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવશે અને જ્યારે જરૂર પડે ત્યારે ક્રેડિટ બ્યુરોને જરૂરી રિપોર્ટિંગ કરવામાં આવશે. સમયે સમયે તમારી ક્રેડિટ યોગ્યતાનું મૂલ્યાંકન કરવાના હેતુસર ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ (CIC) પાસેથી આગળના વધારાના અહેવાલો મેળવવા/સારાંશ મેળવવા માટે ધિરાણ કરનાર સાથે તમે સંમત બનો છો અને તેમને અધિકૃત પણ કરો છો.

12. તમે સમજો છો અને સ્વીકારો છો કે લોન માટેની તમારી અરજી લોન મંજૂર થવાની અથવા ફાળવણી કરવામાં જ આવશે તેની બાંહેધરી નથી અને તે માત્ર ધિરાણ કરનારની સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર નિર્ભર રહેશે.

13. ધિરાણ કરનારને તમારી બધી અથવા કોઈપણ માહિતી કોઈપણ કાયદાકીય /નિયમનકારી સતાધિશો સાથે, જે પ્રમાણે યોગ્ય છે તે અનુસાર અને/અથવા તેની અધિકૃત સેવા પૂરી પાડનારાઓને સમયે સમયે ધિરાણ અને સંબંધિત સેવાઓ માટે આપવા માટે તમે અધિકૃત કરો છો.

14. આથી તમે સમજો છો અને સ્વીકારો છો કે તમારી લોનની મુસાફરીમાં, તમને બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ ફેચિંગ પાર્ટનર પર રીડાયરેક્ટ કરવામાં આવશે, અને તમારા એકાઉન્ટ સ્ટેટમેન્ટનો ઉપયોગ ફક્ત તમારી લોન અરજીનું મૂલ્યાંકન કરવા માટે કરવામાં આવશે.

15. ધિરાણ કરનારા દ્વારા સૂચના આપ્યા અનુસાર કલેક્શન એકાઉન્ટ માટે ધિરાણ કરનારની તરફેણમાં e-NACH / અન્ય આદેશ આપવા માટે તમે સંમત થાઓ છો. જ્યારે લોન બાકી હોય ત્યારે ધિરાણ કરનારને લેખિતમાં 30 દિવસની આગોતરી સૂચના આપ્યા વિના તમે તમારું બેંક ખાતું બંધ કરશો નહીં અથવા e-NACH / અન્ય આદેશ પાછો લઈ લેશો નહીં, અને જો આવું બેંક ખાતું બંધ થઈ ગયું હોય, તો ધિરાણ કરનારની સૂચના અનુસાર તમારે યોગ્ય રીતે e-NACH / અન્ય આદેશની અવેજી કરવી પડશે. મહેરબાની કરીને નોંધ કરો કે e-NACH આદેશને આવી અનધિકૃત પાછી લઈ લેવો તે પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ 2007ની કલમ 25નું ઉલ્લંઘન છે અને કાનૂની કાર્યવાહીને આધીન છે.

16. તમે સંમત થાઓ છો, પ્રતિનિધિત્વ કરો છો અને બાંહેધરી આપો છો કે લોન સેવાઓનો તમારો ઉપયોગ દ્વારા તમે કોઈપણ લાગુ પડતાં કાયદાઓ અથવા નિયમનોનું ઉલ્લંઘન કરશે નહીં. આથી તમે સમજો છો કે લોન સેવાઓનો તમારો ઉપયોગ ફક્ત કાયદેસરના હેતુઓ માટે જ હશે અને ધિરાણ કરનારાઓને નુકસાનકારક હોય તેવી કોઈપણ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી તેમ માનવામાં આવે છે. લોન દસ્તાવેજોમાંથી કોઈપણ સામગ્રી દૂર કરવા અથવા બદલવા; લોન અથવા ધિરાણ કરનારા વિરુદ્ધ કોઈપણ ખોટા અથવા દૂષિત નિવેદનો કરવા; અને સ્પામિંગ અને ફિશિંગ સહિત કોઈપણ પ્રકારના અસામાજિક, વિક્ષેપકારક અથવા ભાંગ ફોડ કરનારી પ્રવૃતિમાં સામેલ થવા માટે તમે સ્પષ્ટપણે પ્રતિબંધિત છે તે તમે સારી રીતે સમજો છો. ધિરાણ કરનારની સેવાઓના ઉપયોગ અથવા દુરુપયોગથી થતાં કોઈપણ દાવા, નુકસાન, વિવાદો માટે તેઓ જવાબદાર અથવા/અને દોષિત રહેશે નહીં.

17. આ નિયમો અને શરતોમાં કોઈપણ સમયે તેમને અનુરૂપ અને યોગ્ય લાગે તે પ્રમાણે, આગોતરી સૂચના આપવાની કોઈપણ જવાબદારી વિના કોઈપણ ફેરફારો અને સુધારા કરવાનો સંપૂર્ણ અધિકાર ધિરાણ કરનાર ધિરાણ કરનાર અનામત રાખે છે,. તમે આ નિયમો અને શરતોની અપડેટેડ આવૃતિ માટે અમારી વેબસાઇટ/એપની મુલાકાત લઈ શકો છો. તમારી લોન ચાલુ રાખવી એ આવા કોઈપણ ફેરફારોને સ્વીકારવા અને તાજા કરવામાં આવેલા નિયમો અને શરતો દ્વારા બંધાયેલા કરારનો સમાવેશ કરે છે.

18. લાગુ પડતાં કાયદા મુજબ, ધિરાણ કરનારા દ્વારા આપવામાં આવતી લોનના સંબંધમાં કોઈપણ મૂંઝવણ અથવા ફરિયાદ તમે ધિરાણ કરનારના સંબંધિત ફરિયાદ અધિકારીનો https://www.truecredits.in/partner પર સંપર્ક કરી શકો છો.

19. આ નિયમો અને શરતોને લીધે ઉદ્ભવતા કોઈપણ વિવાદ, અથવા તમને અને ધિરાણ કરનારને સામેલ કરતાં કોઈપણ વિવાદને ભારતના કાયદા દ્વારા ઉકેલવામાં આવશે અને તેનું અર્થઘટન તે પ્રમાણે કરવામાં આવશે. ઉપરોક્ત બાબતને લીધે ઉદ્ભવતી કોઈપણ કાનૂની પગલું અથવા કાર્યવાહી ફક્ત ગુરુગ્રામ, હરિયાણા, ભારતના અધિકારક્ષેત્ર હેઠળ આવતી સક્ષમ અદાલતોમાં જ લાવી શકાશે, તે માટે તમે સંમત થાઓ છો.